eMAGAZINE
SURAT MUNICIPAL CORPORATION

Issue 371
September 15, 2014

## પૂર્વ ઝોન (વરાછા):–

કમિશ્નરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછાઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછાઝોનના કાપોદ્રા અને પૂણા વિસ્તારમાં"મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન" કાર્યક્રમના ભાગરૂપે તા.૨૫ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા 'મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા તથા સ્થાનિક મ્યુ.કોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન અઠવા વોર્ડ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.
ટી.પી.સ્કીમ નં.૫ (અઠવા–ઉમરા) ના ફા.પ્લોટ નં.૧૦૯/બી પૈકી કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટ નામથી ઓળખાતી મિલકતને બિસ્માર હોવાના કારણે અઠવા ઝોન દ્વારા મિલકત રીપેર કરવા સરખા/મકાન પડવા સરખાની નોટીસ આપવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઓગષ્ટ ૨૦૧૪ માસ દરમિયાન કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મહેકમ વિભાગ બાબત :–

સુરત મહાનગરપાલિકા મહેકમ વિભાગ દ્વારા આજ રોજ ડે.ટાઉન પ્લાનર શ્રી આર.પી.પટેલ ને આસી.કમિશનર તરીકે નિમણુંક આપી વેસ્ટ ઝોન મુકવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના આસી.કમિશનર શ્રી એસ.એસ.ખતીબ ને સેન્ટ્રલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "ખેલમહાકુંભ–૨૦૧૪"ના આયોજન બાબત :–

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે સમગ્ર રાજયમાં ગ્રામ્ય કક્ષા થી રાજય કક્ષા સુધી વિવિધ રમતોની સ્પર્ધાઓના "ખેલમહાકુંભ–૨૦૧૪"નું આયોજન આગામી તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## મ્યુનિસિપલ માર્કેટો અને કતલખાનાઓમાં વસુલ કરવામાં આવતી નિયત ફી વિરુધ્ધ થયેલ જાહેર હિતની રીટ–પીટીશનનો નિકાલ કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના જસ્ટિસ અકીલ કુરેશી અને જે. બી. પરદીવાલા

### મહાનગરપાલિકા ધ્વારા માર્કેટ ફી માં કરવામાં આવેલ સુધારા–વધારા વ્યાજબી અને જાયઝ– ગુજરાત હાઈકોર્ટ

સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં મહાનગરપાલિકાની માલિકીના શાકભાજી, ફળફળાદિ, મટન, બીફ, ફીશ માર્કેટો અને કતલખાનાઓ આવેલા છે. જેનું નિયમન – નિયંત્રણ, નિભાવ, મરામત અને તેને લગતી અન્ય ...

વધુ માટે કલીક કરો >>>>>>

## શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન કચેરીમાં પાણી ખાતા દ્વારા વેસુ વિસ્તારમાં રાજહંસ સિનેમા પાછળ આવેલ તિરૂપતિ સોસાયટીમાં ૧"વ્યાસના ૫૮ ગેરકાયદેસર નળ જોડાણ તથા ૧/૨"વ્યાસના ૧૨ ગેરકાયદેસર નળ જોડાણ માલુમ પડતા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ

ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૬/૦૯/૨૦૧૪ ના રોજ ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્ર, ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૫/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે. ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૩/૧૦/૨૦૧૪ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૬.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૩૪ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૬ ફાઈલના રૂા.૫.૮૪ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ...

વધુ માટે કલીક કરો >>>>>>

## " ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ " કાર્યક્રમ

ગુજરાત રાજયના માન. મુખ્ય મંત્રીશ્રીનો " ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ " કાર્યક્રમ અંગે તા. ૧૪–૭–૨૦૧૪ ના રોજ મળેલા પત્ર ક્રમાંક : નમલ–૧૦૨૦૧૪–૨૬૬૭–ધ નાં અનુંસધાને સુરત મહાનગરપાલિકાનાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ)માં સ્થિત મોજે ડીંડોલી, રે.સ.નં.૧૯૦ પૈકીમાં ફા.પ્લોટ નં.૧૨૦/એ માં આવેલ માનસી રેસીડન્સી સોસાયટીના સબ પ્લોટ નં.૨૭૭,૨૭૮,૨૭૯ માં મિલ્કતદારશ્રી તરફથી અગાઉ સુરત મહાનગરપાલિકામાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## કુલ ૧૦ સ્થળોએ પી.ઓ.પી.નીગણેશજીની મૂર્તિઓના વિસર્જન બાબત :–

સુરત મહાનગરપાલિકા ધ્વારા કુલ ૧૦ સ્થળોએ પી.ઓ.પી.નીગણેશજીની મૂર્તિઓના વિસર્જન માટે કૃત્રિમ તળાવો બનાવવામાં આવેલ. જેમાં દરેક સ્થળે પ્લોટ ફોર્મ,વિગેરે મશીનરી સહિત સુરત મહાનગરપાલિકાનો સ્ટાફ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત)ની કામગીરી બાબત :–

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) વિસ્તારમાં સમાવિષ્ટ ડ્રા.ટી.પી.સ્કીમ નં.૬૨ (ડીંડોલી–ભેસ્તાન–ભેદવાડ)માં સ્થિત મોજે ડીંડોલી, રે.સ.નં.૧૯૦ પૈકીમાં ફા.પ્લોટ નં.૧૨૦/એ માં આવેલ માનસી ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૯.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગુડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૨૭ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૦૭ ફાઈલના રૂા.૧૬.૦૦ હજાર રૂપિયા વસુલ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન (ખાડા) ૧૯૫.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૪ લોકેશન ૨૦૫૦.૦૦ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૯/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## "૪૨મી નાટ્ય સ્પર્ધાનો શુભારંભ"

સુરત મહાનગરપાલિકા દ્વારા પ્રાથમિક સુવિધાઓ સહિત મનોરંજન પુરૂં પાડવાની નેમ સાથે સુરતની પ્રજાની આગવી તાસીર ટકાવવા, તેની ઉત્સવપ્રિયતા, રીતરિવાજ અને પ્રણાલિકાઓની જાળવણી કરી લોક સંસ્કૃતિનું જતન તેમજ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સાઉથ ઈસ્ટ ઝોનના વી.બી.ડી.સી. વિભાગ બાબત :–

સુરત મહાનગરપાલિકા, સાઉથ ઈસ્ટ ઝોનના વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ઉજવવામાં આવેલ જુન–જુલાઈ–૨૦૧૪ મેલેરીયા–ડેંગ્યુ વિરોધી માસ અંતર્ગત સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોન વિસ્તારની શાળાઓમાં ...

વધુ માટે કલીક કરો >>>>>>

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૧૦/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ ...

વધુ માટે કલીક કરો >>>>>>

## સફાઈની કામગીરી બાબત :–

સમગ્ર ગુજરાતમાં છેલ્લા બે દિવસથી શરૂ થયેલા ભારે થી અતિભારે વરસાદે રાજયના અનેક વિસ્તારોમાં જળબંબાકાર જેવી સ્થિતિ સર્જી છે. હાલમાં વડોદરા જીલ્લામાં અતિશય ભારે વરસાદ થવાના કારણે વડોદરાના આજવા ...

વધુ માટે કલીક કરો >>>>>>

## પૂર્વ ઝોન (વરાછા)

કમિશનરશ્રી સુરત મહાનગરપાલિકાના આદેશથી તથા વરાછાઝોનના એડીશનલ સીટી ઈજનેરશ્રીના માર્ગદર્શન હેઠળ વરાછાઝોનના કાપોદ્રા અને પૂણા વિસ્તારમાં''મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન'' કાર્યક્રમના ભાગરૂપે તા.૨૫ ઓગષ્ટ ૨૦૧૪ના રોજ રાખવામાં આવેલ સમૂહ સફાઈ અભિયાનમાં વરાછાઝોનના આરોગ્ય વિભાગ,ઈજનેરી વિભાગ,ગુમાસ્તાધારા વિભાગ તથા આકારણી વિભાગના ૨૦૪ સુપરવાઈઝરી સ્ટાફ તથા ૧૫૯ સફાઈ કામદાર બેલદાર મળી કામગીરી કરેલ છે. સદર કામગીરી દરમ્યાન ૪૯.૫ મેટ્રીક ટન જેટલા માટી મિશ્રિત કચરાનો નિકાલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૩ પે એન્ડ યુઝ ટોઈલેટ બ્લોકની સફાઈ,૧૨ આંગણવાડીઓની સફાઈ,૧૯ શૈક્ષણિક સંસ્થાની સફાઈ,૫ ધાર્મિક સ્થાનોની સફાઈ,૩ ખુલ્લા પ્લોટની સફાઈ,બિન આરોગ્યપ્રદ શાકભાજી ૭ કિલો ગ્રામનો નાશ,૩ ટ્રાફિક સર્કલની સફાઈ,૫ રેસ્ટોરન્ટ ચેક કરી ૭ કિલો ગ્રામ અખાધ પદાર્થોનો નાશ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત પ્રચારગાડી મારફત (૧)વિરાટનગર સોસાયટી (૨)સંતોષીનગર સોસાયટી (૩) વિઠ્ઠલનગર સોસાયટીઓમાં જનજાગૃતિ માટે પ્રચાર પ્રસાર કરાવવામાં આવેલ છે.

આ ઉપરાંત કમ્પલેઈન મેનેજમેન્ટ સિસ્ટમ દ્વારા મળેલ ૧ જેટલી સફાઈ,ડ્રેનેજ ઓવરફલો ૧૨ તથા ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની ફરીયાદનો નિકાલ કરાવેલ છે. તેમજ ૧૯ કન્ટેનર સ્પોટ પર સફાઈ કરાવી જંતુનાશક દવા છંટકાવની કામગીરી તથા વેકટર બોર્ન ડીસીસ કંટ્રોલ વિભાગ દ્વારા ૨૨૧૯ ઘરોમાં ઈન્ટ્રા ડોમેસ્ટીક સર્વે કરી કુલ ૮ બ્રિડીંગનું નાશ કરવામાં આવેલ. મચ્છરની ઉત્પતિ  અટકાવવા ૦૪ બાંધકામો તેમજ રેસીડેન્સીયલ યુનિટોમાં ૮૧૪ પાણીની ટાંકીઓ ચેક કરવામાં આવી, ઘરોનો સર્વે કરાવી ૮૫ સ્લાઈડ લેવાની, ૦૫ નોટીસ આપવાની કામગીરી કરવામાં આવેલ તેમજ ૧૧ ઈસમો પાસે ૨૦૫૦૦/– વહીવટી ખર્ચ વસુલાત કરવામાં આવેલ. બાંધકામમા ૦૧ જગ્યાએ માછલી મુકવાની કામગીરી કરવામાં આવેલ. તથા ૨૧ જેટલા ટાયર,કેરબા,ડબ્બા વિગેરે નકામી વસ્તુઓનો નિકાલ કરાવવામાં આવેલ છે. તથા ૦૪ કી.ગ્રા.દવા છંટકાવની કામગીરી કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૦૨ બિલ્ડીંગ મટીરીયલના ઢગલાઓનો નિકાલ કરાવેલ છે. તથા બે શાંતિકુંજની આજુબાજુની સફાઈની કામગીરી કરેલ છે.

ઉપરોકત કામગીરી ઉપરાંત દબાણ વિભાગ દ્વારા ૧૨ લારી ગલ્લા ઉપાડાવી દબાણ દૂર કરવાની કામગીરી, ૨૭.૫ રનીંગ મીટર વોટર ટેબલ રીસેટ કરવાની કામગીરી, ૩૭૨.૨૨ ચો.મી. પેચવર્કની કામગીરી, ૦૮ વ્યકિતગત શૌચાલય બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે. ૦૧ મેન હોલ સ્ટ્રોમ ડ્રેનેજ સફાઈની કામગીરી, ૧૦ કલોરીન ટેસ્ટ કરવાની કામગીરી કરાવવામાં આવી. આ ઝુંબેશમાં ૧૪ સ્ટ્રીટ લાઈટ પોલને ચાલુ કરાવવામાં આવેલ છે.

ગુમાસ્તા ધારા વિભાગ દ્વારા ૨૩૩ સંસ્થાની ચકાસણી કરી રૂા.૭૭૫૦૦/– પ્રોફેશનલ ટેક્ષની વસુલાત કરવામાં આવેલ તેમજ ગુમાસ્તા ધારા હેઠળ રૂા.૩૫૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવાની કામગીરી કરવામાં આવી.

સમગ્ર અભિયાન દરમિયાન ૬૭ ઈસમોને નોટીસ આપવાની તથા ૧૨૧ ઈસમો પાસેથી રૂા.૧૭૦૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવાની કામગીરી કરાવવામાં આવેલ છે.

ઉપરોકત સમગ્ર કામગીરી પૂર્વ(વરાછા) ઝોનના આરોગ્ય સ્ટાફ તથા ઈજનેરી સ્ટાફ તેમજ સાધન સામગ્રી સાથે કરવામાં આવેલ છે.

TOP

## સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ દ્વારા ' મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન' સંદર્ભે આદરેલી સફાઈ ઝુંબેશની અખબારી યાદીઃ–

ઉપરોકત અભિયાન અંતર્ગત આરોગ્ય વિભાગ તથા એન્જીનીરીંગ વિભાગ ધ્વારા તથા સ્થાનિક મ્યુ.કોર્પોરેટરશ્રીના સહયોગથી સખત અસરકારક કામગીરીના ભાગરૂપે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન સંલગ્ન અઠવા વોર્ડ વિસ્તાર તથા કરીમાબાદ વોર્ડ વિસ્તારમાં સફાઈ ઝુંબેશ તા.૦૫/૦૯/૧૪ના રોજ કરવામાં આવેલ જે અન્વયે ૬૫ સુપરવાઈઝરી સ્ટાફના સુપરવિઝન હેઠળ ૧૪૨ સફાઈ કામદારો, ૫૨ લોકસેવા બેલદાર, ડ્રેનેજ વિભાગના ૧૦ બેલદારો દ્વારા સફાઈ ઝુંબેશ કરવામાં આવેલ. જે અન્વયે સદર સફાઈ ઝુંબેશમાં ૨૯ ઈસમો પાસેથી રૂા. ૯,૨૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ તેમજ આકારણી વિભાગ દ્વારા રૂા.૭૯,૪૪૫/– વેરા વસૂલાત લેવામાં આવેલ. સદર કાર્યક્રમમાં રસ્તા વિભાગ, ડ્રેનેજ વિભાગ, ગુમાસ્તા વિભાગ, વી.બી.ડી.સી. વિભાગ, ગાર્ડન વિભાગ, લાઈટ વિભાગને લાગત કામગીરી પણ કરાવવામાં આવેલ છે.

TOP

## સાઉથ વેસ્ટ (અઠવા) ઝોનની કામગીરી બાબત :–

શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

ટી.પી.સ્કીમ નં.પ (અઠવા–ઉમરા) ના ફા.પ્લોટ નં.૧૦૯/બી પૈકી કલ્પવૃક્ષ એપાર્ટમેન્ટ નામથી ઓળખાતી મિલકતને બિસ્માર હોવાના કારણે અઠવા ઝોન દ્વારા મિલકત રીપેર કરવા સરખા/મકાન પડવા સરખાની નોટીસ આપવામાં આવેલ ત્યારબાદ પણ કબજેદારો/મિલકતદારો દ્વારા મિલકત રીપેર ન કરાવતા અઠવા ઝોન સુરત મહાનગરપાલિકા તરફથી રીપેરીંગ સરખાની વસવાટ ખાલી કરવાની ધી બી.પી.એમ.સી. એકટ હેઠળની નોટીસ બજાવ્યા બાદ આજરોજ તા.૦૫.૦૯.૧૪ ના રોજ પ્રથમ માળથી ત્રીજા માળ સુધીના ૧૨ ફલેટો તથા ભોંયતળીયાના વોચમેન રૂમ તથા દાદર કેબીન તથા કમ્પાઉન્ડ વોલને લાગત બધા ગેટોને સીલ મારવાની કામગીરી પુર્ણ કરવામાં આવેલ છે.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૪/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૪૮ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૧૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૧,૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૮૧૩૧ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૮૩૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૬૯ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૬૫ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૨૨,૬૫,૪૩૩/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા શિવમ ઈન્ડ.નિલકંઠ, પટેલ ૧–૨–૩ વેડરોડ કતારગામ વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ રૂા.૭,૧૪,૫૧૭/– વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૪૦ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૧૦,૨૧,૮૭૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથ રૂા.૮૭,૮૭૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા ઓગષ્ટ ૨૦૧૪ માસ દરમિયાન કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૧૬૬૪૨૯૦ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૩૬૨૬૩૮૯ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૧૩૨૬૦ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૧૫૮૧૮૯ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૧૪૦૫૧ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૮૫૬૬ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૪૮૮૭૯ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૧૫૧૧ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૩૭૭૮ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૧૮૨ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૫૯૪૭ નોટિસો આપવામાં આવી અને ૮૦૧૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## મહેકમ વિભાગ બાબત :–

**સુરત મહાનગરપાલિકા મહેકમ વિભાગ દ્વારા આજ રોજ ડે.ટાઉન પ્લાનર શ્રી આર.પી.પટેલ ને આસી.કમિશનર તરીકે નિમણુંક આપી વેસ્ટ ઝોન મુકવામાં આવેલ છે. વેસ્ટ ઝોનના આસી.કમિશનર શ્રી એસ.એસ.ખતીબ ને સેન્ટ્રલ ઝોનની ખાલી જગ્યા ઉપર મુકવામાં આવેલ છે અને વધારામાં કાયદા ખાતામાં હવાલો આપવામાં આવ્યો છે. કતારગામ ઝોનના આસી.રીકવરી ઓફિસરની ખાલી જગ્યાનો ચાર્જ શ્રી બી.બી.મોરેને આપવામાં આવ્યો. સેન્ટ્રલ ઝોનનાં આસી.રીકવરી ઓફિસરનો ચાર્જ ખાતાકીય તપાસ અધિકારીશ્રી એમ.ડી.સોલંકીને સોંપવામાં આવેલ છે.**

TOP

## ''ખેલમહાકુંભ–૨૦૧૪''ના આયોજન બાબત :–

સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા ચાલુ વર્ષે સમગ્ર રાજયમાં ગ્રામ્ય કક્ષા થી રાજય કક્ષા સુધી વિવિધ રમતોની સ્પર્ધાઓના ''ખેલમહાકુંભ–૨૦૧૪''નું આયોજન આગામી તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૨૨/૧૧/૨૦૧૪ દરમ્યાન કરવામાં આવનાર છે. જે અંતર્ગત તા.૦૪/૧૦/૨૦૧૪ થી તા.૧૫/૧૦/૨૦૧૪ દરમ્યાન ઝોન કક્ષા અને શહેર કક્ષાની, તથા ૧૪/૧૧/૨૦૧૪ થી તા.૨૧/૧૧/૨૦૧૪ દરમ્યાન સેમીફાઈનલ રમતો રમાનાર છે. ''ખેલ મહાકુંભ–૨૦૧૪'' અંતર્ગત રમાનાર આ રમતોમાં કિશોર–કિશોરીઓથી માંડીને વૃધ્ધો પણ ભાગ લઈ શકશે. સદર આયોજનમાં સમાવિષ્ટ વિવિધ રમતોમાં ભાગ લેવા માગતા ખેલાડીઓના રજીસ્ટ્રેશનની કાર્યવાહી તા.૨૧/૦૯/૨૦૧૪ સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન **www.khelmahakumbh.org** પર કરવામાં આવશે. સાથોસાથ વિવિધ રમતોમાં ભાગ લેવા માટેનાં રજીસ્ટ્રેશન ફોર્મ જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી, પહેલો માળ, જુની સિવિલ કોર્ટ બિલ્ડીંગ, નાનપુરા, સુરત મહાનગરપાલિકાના તમામ નાગરિક સુવિદ્યા કેન્દ્ર પરથી મેળવી ભરેલાં ફોર્મ તા.૧૫/૦૯/૨૦૧૪ સુધીમાં જીલ્લા રમત ગમત અધિકારીની કચેરી, નાગરિક સુવિદ્યા કેન્દ્રો તથા સીનીયર કોચ, જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, ન.પ્રા.શાળા નં.૮/૯, આઈ.ટી.આઈ. પાછળ, મજુરાગેટ, સુરત (ફોન નં.૨૬૬૮૦૩૪) ખાતે પરત કરવાનાં રહેશે. આ ખેલ મહાકુંભ–૨૦૧૪માં શહેરનાં નગરજનોને મોટી સંખ્યામાં સહભાગી થવા સુરત મહાનગરપાલિકા અનુરોધ કરે છે.

**TOP**

## મ્યુનિસિપલ માર્કેટો અને કતલખાનાઓમાં વસુલ કરવામાં આવતી નિયત ફી વિરુધ્ધ થયેલ જાહેર હિતની રીટ–પીટીશનનો નિકાલ કરતા નામદાર ગુજરાત હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના જસ્ટિસ અકીલ કુરેશી અને જે. બી. પરદીવાલા

## મહાનગરપાલિકા ધ્વારા માર્કેટ ફી માં કરવામાં આવેલ સુધારા–વધારા વ્યાજબી અને જાયઝ– ગુજરાત હાઈકોર્ટ

સુરત શહેરના વિવિધ વિસ્તારોમાં મહાનગરપાલિકાની માલિકીના શાકભાજી, ફળફળાદિ, મટન, બીફ, ફીશ માર્કેટો અને કતલખાનાઓ આવેલા છે. જેનું નિયમન – નિયંત્રણ, નિભાવ, મરામત અને તેને લગતી અન્ય આનુષાંગિક કામગીરી સુરત મહાનગરપાલિકા ધ્વારા કરવામાં આવે છે. આ માર્કેટો / કતલખાનાઓના નિયમન – નિયંત્રણ, રાખ–રખાવ અને નિભાવના પારાવાર ખર્ચને અંશતઃ રીતે પહોંચી વળવા આ માર્કેટોમાં ઉકત વસ્તુઓનું વેચાણ કરતા ઈસમો પાસેથી દિવસ / માસિક ધોરણે સ્ટોલ ફી, ખોરાકી પશુઓની કતલ કરવા બદલ કતલ ફી વિગેરેની વસુલાત કરવામાં આવે છે. જે વસુલાત કરવાના દર સને ૧૯૯૨ માં સામાન્ય સભાના ઠરાવ નં. ૭૯ તા. ૩૧–૦૭–૧૯૯૨ ના ઠરાવથી નક્કી કરવામાં આવેલ હતા જેનો ૨૦ વર્ષથી વધુનો સમયગાળો પસાર થતા આ માર્કેટ ફી / કતલ ફી નહિવત જેવા દરોને સામાન્ય સભાના ઠરાવ નં. ૪૨૮ / ૨૦૧૩, તા. ૨૪/૦૪/૨૦૧૩ થી સુધારા–વધારા સહિત રીવાઈઝડ કરવામાં આવેલ.

આ રીવાઈઝડ દરો જે તે વિસ્તારોમાં આવેલ પ્રાઈવેટ માર્કેટો અને ખાનગી મિલકતોના ભાડાના દર સામે ખુબ જ ઓછા હવા છતાં માર્કેટના ફેરિયા / સ્ટોલ ધારકોએ તથા લાગતા વળગતાઓએ મહાનગરપાલિકાના આ નિર્ણયથી નારાજ થઈ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં મહાનગરપાલિકાના આ નિર્ણયને જાહેર હિતની રીત દાખલ કરી પડકારેલ જે અનુસંધાને મહાનગરપાલિકાએ ધી બી. પી. એમ. સી. એકટ – ૧૯૪૯ નાં ચેપ્ટર – ૧૯ – માર્કેટો અને કતલખાનાઓના નિયમન – નિયંત્રણ – નિભાવ, માર્કેટ બાય–લોઝ, માર્કેટોમાં સ્ટોલ ધરાવતા પરવાના ધારકોને લાગુ પડતી શરતો અને બોલીઓ, માર્કેટોના નિયમન અને નિભાવમાં થતા વિસ્તૃત ખર્ચાઓની વિગતો વિગેરેને ટાંકી નામદાર હાઈકોર્ટના વરિષ્ઠ વકીલ શ્રી ધવલ નાણાવટી મારફતે એફીડેવીડ ઈન રીપ્લાય ફાઈલ કરેલ.

આ કેસની વિવિધ તારીખે નામદાર હાઈકોર્ટના ઓનરેબલ જસ્ટિસ શ્રી અકીલ કુરેશી અને જે. બી. પરદીવાલા સમક્ષ સુનાવણી થતા અને મહાનગરપાલિકા ધ્વારા રજુ કરવામાં આવેલ માર્કેટ અને કતલખાનાઓના નિયમો, પરવાના ધારકનો પરવાનો તાજો કરવાને લગતી શરતો અને બોલીઓ, મહાનગરપાલિકાને આ માર્કેટોમાં નિયમન – નિયંત્રણ – નિભાવમાં થતા ખર્ચા, મહાનગરપાલિકાની માર્કેટોના વિસ્તારમાં આવેલ ધંધાકીય મિલકતો / દુકાનોના ભાડાના દરની સરખામણી અને અન્ય આનુષાંગિક બાબતો તથા મહાનગરપાલિકા વતી વરિષ્ઠ વકીલ શ્રી ધવલ નાણાવટીએ મહાનગરપાલિકા તરફે કરેલ ધારદાર દલીલો અને રજુઆતોને ધ્યાને લઈ નામદાર હાઈકોર્ટની ડીવીઝન બેન્ચના બંને ન્યાયાધીશો અકીલ કુરેશી અને જે. બી. પરદીવાલાએ સુરત મહાનગરપાલિકા ધ્વારા સુધારેલ દરોને વ્યાજબી અને જાયઝ ઠરાવી મહાનગરપાલિકા વિરુધ્ધ કરાયેલ જાહેર હિતની રીટ–પીટીશનને ફગાવી નિકાલ કરેલ.

હાઈકોર્ટના આ આવેલ આદેશ અન્વયે સુરત મહાનગરપાલિકા ધ્વારા નવા ઠરાવેલ દરો મુજબ મહાનગરપાલિકા સંચાલિત માર્કેટો / કતલખાનાઓમાં ધંધાકીય કામકાજ કરતા ઈસમો પાસેથી મહાનગરપાલિકાનું માર્કેટ ખાતુ માર્કેટોમાં / કતલખાનામાં રીવાઈઝડ રેટ મુજબ વિવિધ ફી ની વસુલાત તા. ૦૯/૦૯/૨૦૧૪ થી કરશે નો માર્કેટ ખાતાના વડા ડો. પી. જી. મહેતાએ એક અખબારી યાદીમાં જણાવેલ છે.

TOP

**Hon'ble Mr. Justice Akil Kurehi & Mr. Justice J. B. Pardiwala, Division Bench of Gujarat High court upheld the decision/resolution of the Standing Committee of dtd. 24/04/2013 taken to raise and revise the market fee/ license fee/ stall fee/ slaughter fee etc and disposed off PIL (WP) No. 158/2013.**

**Petitioner Sarvar Husain Gulam Mohammad Nagad and Ibrahim Haji Husain Chichi have challenged the Standing committee Resolution No. 869/2013 and General board Resolution No. 428/2013 of 24/04/2013 of the Corporation, whereby the standing committee has revised the rate of the stall/license fee for the mutton/beef/fish and vegetable markets. The petitioners have challenged the revised license fee tariff on the ground that they are exorbitant and increased by 15% of the Jantri value.**

**The surat Municipal Corporation, on receipt of notice entered its appearance and appeared through empanelled Advocate Shri Daval Nanavati, who vehemently opposed the Writ Petition (PIL) on the ground that the Corporation has power under the provisions of the BPMC Act to revise the license fee and more particularly such revision is taking place after two decades of the last market/license fee was revised in the year 1992 and since then the 1992 rates were never changed considering the overall price rise, the corporation is absolutely within its right to raise and revise the license fee, because the corporation is charging the stall fee for using the stalls in the market and also providing repairs and maintenance, daily sanitary and conservancy services, electricity, water supply, solid waste disposal and disinfection.**

**Moreover, Corporation is providing all the basic facilities and amenities which are required and desired for the wholesome production and sale of meat, fish, fruits and vegetables etc., at slaughter houses and the municipal markets. The corporation is also maintaining the general hygiene on the regular basis and all the shop-keepers are enjoying such facilities for their gainful business, so the revision of the market /license fee ten times from the rates fixed in the year, 1992 is negligible and reasonable compared to the license fee and the stall rent at the private places like public malls and the public shopping complex. The Advocate for the Petitioners Shri B. S. Patel relied on the Supreme Court judgment in AIR 2004 SC 1815 and 2011 (13) SCC, 446 during the arguments.**

**The Hon'ble Division Bench comprising of Hon'ble Mr. Justice Akil Kureshi and Mr. Justice J.B. Pardiwala, after considering the relevant submissions of Surat Municipal corporation so canvassed, accepted the version of the Corporation and dismissed the Writ Petition (PIL) by justifying the revised rates so fixed on 24/04/2013 by the General Board of the Surat Municipal Corporation, Surat.**

**Market Department has already issued a circular to all concerns to enforce the order of the Division Bench of Hon'ble High Court of Gujarat with immediate effect and recover the daily market fee/ monthly stall fee amount from the vendors/ stall holders as per the revised rate of dtd. 24/04/2013 and instructed them to issue the notices to all monthly stall fee holders of meat and vegetables markets to pay difference of amount of their monthly stall fee with effect from 01/06/2013.**

**TOP**

## શહેર સુરતનાં સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન વિસ્તારમાં નીચે મુજબની કામગીરી કરવામાં આવેલ છે.

સાઉથ વેસ્ટ(અઠવા)ઝોન કચેરીમાં પાણી ખાતા દ્વારા વેસુ વિસ્તારમાં રાજહંસ સિનેમા પાછળ આવેલ તિરૂપતિ સોસાયટીમાં ૧''વ્યાસના ૫૮ ગેરકાયદેસર નળ જોડાણ તથા ૧/૨''વ્યાસના ૧૨ ગેરકાયદેસર નળ જોડાણ માલુમ પડતા રહેવાસીઓ પાસેથી પ્રિમિયમ, પેનલ્ટી, કટીંગ ફી / બોરીંગ ફી ની કુલ રકમ રૂા.૯,૯૯,૨૦૦/– ની વસુલાત લેવામાં આવી તથા તમામ ૭૦ મિલ્કતને ૧/૨''વ્યાસના કાયદેસરના નવા નળ જોડાણ આપવામાં આવેલ છે.

વધુમાં આવા ગેરકાયદેસર નળ જોડાણ શોધી તેવા વપરાશકારો સામે કાયદેસરની કાર્યવાહી અંગે ઝુંબેશ ચાલુ છે.

TOP

# સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ દ્વારા આયોજીત વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ




ચોમાસા દરમ્યાન દર વર્ષે સુરત મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં વિના મુલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ તા.૦૬/૦૯/૨૦૧૪ ના રોજ ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્ર, બાબા વૈજનાથના મંદીર પાસે,સુરત ખાતે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે રૂગ્ણાલયો,વૈદકીય રાહત અને તંદુરસ્તી વર્ધક સમિતિનાં અધ્યક્ષશ્રી ડો.રવીન્દ્રભાઈ પાટીલ,આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા,આરોગ્ય અધિકારી અને ઇ.ચા.ડે.કમિશનર(હેલ્થ એન્ડ હોસ્પિ.)ડો.હેમંત દેસાઈ,આસી.કમિશનરશ્રી ગાયત્રીબેન જરીવાલા મ્યુનિ.સદસ્યશ્રી રાવ સાહેબ પાટીલ,તેમજ સ્મીમેર હોસ્પીટલના વિવિધ રોગના નિષ્ણાંત, ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્રના મેડીકલ ઓફીસરો,આઈ.સી.ડી.એસ.ના કર્મચારી તથા અન્ય અધિકારી / કર્મચારીઓ હાજર રહયા હતા.

આરોગ્ય અધિકારી અને ઈ.ચા.ડે.કમિશ્નર ડો.હેમંત એસ.દેસાઈએ કાર્યક્રમ સંબંધી જાણકારી આપી હાજર રહેલા આમંત્રિતો તથા લાભાર્થીઓનું સ્વાગત કર્યુ હતુ. પ્રાસંગીક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે, સુરત મહાનગરપાલિકા છેલ્લા નવ વર્ષથી વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પોનું આયોજન કરે છે. "સામાન્ય રીતે ચોમાસા દરમ્યાન પાણી જન્ય / પાણી સંલગ્ન રોગોનું પ્રમાણ વધુ જોવા મળે છે જેથી મહાનગરપાલિકા દ્વારા જુદા જુદા ઝોનમાં આરોગ્ય નિદાન / સારવાર કેમ્પ તથા આરોગ્યલક્ષી પ્રદર્શન યોજી તેમાં વિના મૂલ્યે નિદાન / સારવાર આપવામાં આવે છે. જેમાં સ્મીમેર હોસ્પિટલના નિષ્ણાંત તબીબો દ્વારા નિદાન કરી સારવાર આપવામાં આવે છે જરૂર જણાય તેવા કેસોને સ્મીમેર / નવી સીવીલ હોસ્પિટલ ખાતે રીફર કરવામાં આવે છે. નાગરીકોને આવા વિના મૂલ્યે આરોગ્ય નિદાન / સારવાર કેમ્પનો લાભ લેવા જણાવ્યુ તથા સુરત મહાનગરપાલિકાના કર્મચારીઓને મદદરૂપ થવા જણાવ્યુ હતુ.

રૂગ્ણાલય સમિતિના અધ્યક્ષ ડો.રવીન્દ્ર પાટીલ એ પોતાના પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ હતુ કે ચોમાસાની ઋતુમાં રોગચાળાનુ પ્રમાણ વધારે જોવા મળતુ હોવાથી સુરત મહાનગરપાલિકા આવા મેડીકલ કેમ્પો દરેક ઝોન માં યોજે છે.તેમજ જાહેર જનતાને રોગચાળા વિશે જ્ઞાન મળે તે માટે આરોગ્ય લક્ષી પ્રદર્શન પણ દરેક ઝોનમાં યોજે છે જેથી જાહેર જનતાને આવા નિષ્ણાંત ડોકટરોની સેવા લેવા અનુરોધ કર્યો હતો.તેમજ પ્રદર્શનનો લાભ લેવા જણાવ્યુ હતું અને સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત કરવા સ્મીમેર હોસ્પીટલ, મસ્કતિ હોસ્પીટલ તથા ૪૧ શહેરી આરોગ્ય કેન્દ્રો ખાતે જવા અનુરોધ કર્યો છે.

આરોગ્ય સમિતિ અધ્યક્ષશ્રી અનીલભાઈ બીસ્કીટવાલા પ્રાસંગિક પ્રવચનમાં જણાવ્યુ કે,આ વર્ષનો આ દસમો મેડીકલ કેમ્પ છે. સુરત શહેરનો ખુબજ ઝડપથી વિકાસ થઈ રહયો છે. જેની સાથે સાથે સુરત મહાનગરપાલિકા શહેરના નાગરીકોને ઉત્તમ પ્રકારની તમામ આરોગ્યલક્ષી સુવિધાઓ પ્રાપ્ત થાય તે માટે સતત જાગૃત છે. જે અંતર્ગત સુરત મહાનગરપાલિકા તમામ ઝોનમાં સ્લમ–સ્લમલાઈક વિસ્તારોમાં પ્રતિ વર્ષ વિના મૂલ્યે આરોગ્ય નિદાન/સારવાર કેમ્પો યોજાય છે. જેનો લાભ લેવા નાગરીકોને વિનંતી કરી છે.મહાનગરપાલિકાની કામગીરીને બીરદાવી નાગરિકોને સ્વચ્છતા અંગે કાળજી રાખવા, યોજવામાં આવેલ આરોગ્ય લક્ષી પ્રદર્શન નિહાળી રોગ વિષયક જાણકારી મેળવી તકેદારી રાખવા તથા મેડીકલ કેમ્પનો લાભ લેવા જણાવ્યું હતું".

આ કેમ્પમાં સ્મીમેર મેડીકલ કોલેજના વિવિધ તજજ્ઞોએ તબીબી નિદાન કરી સારવાર આપી હતી. મેડીકલ કેમ્પમાં ગોડાદરા શહેરી આરોગ્ય કેન્દ્રની આસપાસના વિસ્તારના કુલ ૫૬૦ લાભાર્થીઓએ લાભ લીધો હતો. જેમાં આંખના નિષ્ણાત દ્વારા ૧૧૦, ચામડીના નિષ્ણાત દ્વારા ૧૦૬, સ્ત્રીરોગ નિષ્ણાત દ્વારા ૪૫, બાળરોગ નિષ્ણાત દ્વારા ૧૧૯, ફિઝીશયન દ્વારા ૯૯, સર્જન દ્વારા ૧૭, મેડીકલ ઓફીસર દ્વારા ૬૪ દર્દીઓને તપાસવામાં આવ્યા

હતા.લેબ.ટેકનીશીયન દ્વારા તાવના ૩૪ દર્દીઓના લોહીના નમુના લેવામાં આવ્યા હતા. ઓ.આર.એસના ૧૦૦ પેકેટસનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ૪૨ દર્દીઓને વિશિષ્ટ સારવાર માટે સ્મીમેર હોસ્પીટલ ખાતે રીફર કરવામાં આવ્યા હતા.

મેડીકલ કેમ્પના  સ્થળે આરોગ્ય ખાતાના જુદા જુદા વિભાગ મારફતે રોગ અટકાયત બાબતે આરોગ્ય શિક્ષણ તથા જાણકારી આપી ૨૨૦૦ પ્રચાર પત્રિકાનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. કુટુંબ કલ્યાણ વિભાગ દ્વારા ગર્ભ નિરોધક સાધનો જેવા કે નિરોધ ૩૦૦, ઓરલ પીલ્સ ૧૮ પેકેટ, આયર્ન ફોલીક એસીડ નાની મોટી મળી કુલ ૧૫૦૦ ટેબ્લેટોનું વિતરણ કરવામાં આવ્યુ હતુ. રસીકરણ વિભાગ દ્વારા ૦૧ બાળકને બી.સી.જીની રસી, ૦૨ બાળકોને પેન્ટાવેલેન્ટની રસી, ૦૩ બાળકોને પોલીયોની રસી, ૦૧ બાળકને ઓરીની રસી, તથા ૦૩  બાળકોને ટી.ટી. ની રસી આપવામાં આવી હતી તેમજ ૧૦૦૦ કલોરીન ટેબલેટોનું  વિતરણ કરવામાં આવ્યુ હતું.

નોંધ :– આગામી વિના–મૂલ્યે નિદાન સારવાર કેમ્પનું આયોજન તારીખ.૧૩/૦૯/૧૪ ના રોજ વિજયાનગર શહેરી આરોગ્ય કેન્દ્ર, ઉધના ખાતે રાખવામાં આવ્યો છે.જેનો આ વિસ્તારના તથા અન્ય તમામ નાગરિકોને મહત્તમ લાભ લેવા વિનંતી છે.

TOP

## વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા તા.૫/૯/૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત

સુરત મહાનગરપાલિકાનાં વાહક જન્ય રોગ નિયંત્રણ વિભાગ દ્વારા મેલેરિયા માસ દરમ્યાન ઘરે ઘરે સર્વે કરી તાવના કેસની સ્લાઈડનું કલેકશન, ડોર ટુ ડોર ઈન્ટ્રાડોમેસ્ટીક, બ્રિડીંગ ચેક અપ, એન્ટીલાર્વલ, ફોગીંગ,ખુલ્લા જોવા મળેલ પાણીના ભરેલા કન્ટેઈનરને ઉચકવાની કામગીરી તેમ જ જનજાગૃતિ અભિયાન જેવી નીચે જણાવેલ વિવિધ કામગીરી કરવામાં આવેલ છે.

(૧) ઈન્ટ્રાડોમેસ્ટીક સર્વે દરમ્યાન ૫૯૮૭૯ ઘરોમાંથી એડીસ મચ્છરોનું ઉદ્દભવસ્થાન એવા કેરબા/ડ્રમ, પીપ,અંડરગ્રાઉન્ડ ટેન્ક,ગ્રાઉન્ડ ટેન્ક,ઓવરહેડ ટેન્ક જેવાં કુલ ૧૨૯૬૫૨ બ્રિડીંગ સ્પોટ ચેક કરવામાં આવ્યા જેમાં ૫૯૫ બ્રિડીંગસ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૨) મેલેરિયા સવેલન્સ દરમ્યાન કુલ ૪૯૯૦ વ્યકિતઓનાં લોહીના નમુનાઓ લેવામાં આવ્યા

(૨) ટાયરો, પીપ, કેરબા/ડ્રમ, પડતર માટલા, પ્લાસ્ટીક ડબ્બા જેવી ૪૦૯ નકામી પડતર વસ્તુઓ નાશ કરવામાં આવેલ છે.

(૩) શહેરનાં ૩૨૮ બાંધકામ ચેક કરવામાં આવ્યા જેમાં મળેલ કુલ ૨૪૧ સ્પોટમાં મળેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવ્યો.

(૩) જે વિસ્તારમાં પાણીનો યોગ્ય નિકાલ થઈ શકે તેમ ન હોય તો તેવા ૪૦ સ્થળોએ પોરા ભક્ષક માછલીઓ છોડવામાં આવી.

(૬) ૧૭૯ રાઉન્ડ હેન્ડીસેટ ફોગીંગ મશીનો દ્વારા ઈનડોર ફોગીંગ તેમજ ૮ રાઉન્ડ જીપ માઉન્ટેડ ફોગીંગ મશીનો દ્વારા આઉટડોર ફોગીંગની કામગીરી કરવામાં આવી.

(૭) તમામ ઝોનમાં કુલ ૨૨૦ નોટિસો આપવામાં આવી અને ૨૮૧૦૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવ્યો.

આથી નાગરિકોને વિનંતી કરવામાં આવે છે કે, ડેન્ગ્યુ,મેલેરિયાના ફેલાવા માટે જવાબદાર મચ્છર ચોખ્ખા પાણીમાં ઉત્પન્ન થાય છે, જેથી પાણીનાં સંગ્રહનાં વાસણો તેમજ પાણીની ટાંકીઓ હવાચુસ્ત ઢાંકણથી બંધ રાખવી, અને પાણી સંગ્રહનાં વાસણો દર અઠવાડિયે ધોઈને સાફ કરવા, ફુલદાની, કુલર, સિમેન્ટની ગોળાકાર ટાંકી, વગેરેનું પાણી દર ચોથા દિવસે બદલવું. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગનાં ફેલાવા માટે જવાબદાર મચ્છરોની ઉત્પત્તિ અટકાવી શકાય. તથા ઘરના ધાબા પર વરસાદી પાણીનો ભરાવો ન થાય તેની કાળજી રાખવી. તાવ આવે ત્યારે લોહીની તપાસ કરાવી તાત્કાલિક સંપુર્ણ સારવાર લેવી, તેમજ મચ્છરદાનીમાં જ સુવાનો આગ્રહ રાખવો, તથા તમારા ઘરે આવતા સુરત મહાનગરપાલિકાના આરોગ્ય કર્મચારીને પુરતો સહકાર આપવો. જેથી ડેન્ગ્યુ,મેલેરિયાના રોગને નિયંત્રણ હેઠળ રાખી શકાય.

TOP

## નોર્થ ઝોન (કતારગામ)ની કામગીરી બાબત :–

નોર્થ ઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૦૫/૦૯/૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ. ૧૩૬ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા. ૯,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૯૧૦૫ ઘરનો સર્વે કરવામાં આવેલ જે પૈકી ૭૧૬ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૮૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૭૪ ઈસમોને નોટીસ આપવામાં આવી તેમજ સ્થળ ઉપર વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા વેરા પેટે રૂા. ૨૨,૨૮,૩૯૫/– વસુલાત કરવામાં આવેલ છે. તેમજ વ્યવસાય વેરા વિભાગ દ્વારા પંડોળ ઈન્ડ. વેડ રોડ, કતારગામ વિસ્તારમાં સઘન ઝુંબેશ હેઠળ રૂા.૬,૪૫,૬૯૨/– વસુલાત કરવામાં આવેલ છે.

ઈમ્પેકટ ફીની અરજી ૧૪૧ મંજુર કરવામાં આવેલ છે. ઈમ્પેકટ ફી પેટે રૂા.૫,૦૦,૯૯૨/– ની વસુલાત કરવામાં આવેલ છે. ભધક આવાસમાંથી રૂા.૭૦,૬૦૦/– હપ્તાની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૪ લારી જપ્ત કરવામાં આવેલ છે.

TOP

## "નવરાત્રિ પર્વોત્સવ નિમિત્તે ફૂડ ફેસ્ટીવલમાં યોજાનાર સ્પર્ધાઓ"

સુરત મહાનગરપાલિકા દ્વારા તા.૨૫/૦૯/૨૦૧૪ થી તા.૦૩/૧૦/૨૦૧૪ દરમ્યાન કૃષ્ણકુંજ (અઠવા) પાર્ટીપ્લોટ, ઉમરા પોલીસ સ્ટેશનની બાજુમાં, અઠવાલાઈન્સ, સુરત ખાતે આયોજીત ફૂડ ફેસ્ટીવલમાં તા.૨૬/૦૯/૨૦૧૪ના રોજ ગરબા હરિફાઈ, તા.૨૯/૦૯/૨૦૧૪ના રોજ સોલો ડાન્સ કોમ્પીટીશન અને તા.૦૨/૧૦/૨૦૧૪ના રોજ શેરીગરબા સ્પર્ધાનું આયોજન સાંજે ૬.૦૦ કલાકે કરવામાં આવેલ છે. ગરબા હરિફાઈમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે, સોલો ડાન્સ કોમ્પીટીશનમાં ધો.૧ થી ૧૦ના વિદ્યાર્થી / વિદ્યાર્થીનીઓ ભાગ લઈ શકશે જયારે શેરી ગરબા સ્પર્ધામાં સુરત શહેરની મહિલા સંસ્થાઓની બહેનો તથા શિક્ષકો ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટેના પ્રવેશ ફોર્મ સાંસ્કૃતિક વિભાગ, ચં.ચી.મહેતા નાટ્યગૃહ (રંગઉપવન), ચોકબજાર, સુરત ખાતેથી રજાના દિવસો સિવાય ઓફિસ સમય દરમ્યાન મળી શકશે. ગરબા હરિફાઈની તા.૨૪/૦૯/૨૦૧૪, સોલો ડાન્સ કોમ્પીટીશનની તા.૨૭/૦૯/૨૦૧૪ અને શેરી ગરબા હરિફાઈના પ્રવેશપત્રો સ્વીકારવાની અંતિમ તા.૩૦/૦૯/૨૦૧૪ રાખવામાં આવી છે.

TOP

## સાઉથઝોન(ઉધના)ની કામગીરી બાબત :–

તા. ૦૬.૦૯.૨૦૧૪ ના રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૩૩૪ ફાઈલોનો નિકાલ કરવામાં આવેલ છે.અને કુલ ૨૬ ફાઈલના રૂા.૫.૮૪ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૩૯ લોકેશન(ખાડા)૬૪૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૭.૭૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૮ લોકેશન (ખાડા) ૮૫૫.૦૦ ૨.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૮ લોકેશન ૩૨૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે.,કુલ–૪૮ વરસાદી જાળિયા સફાઈ તથા ૧૫ મેનહોલ સફાઈની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૫૫ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ,તથા આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા :૩૬ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૫૧ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા. ૧૫.૮૧ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૫.૭૧ લાખ થયેલ છે.,૦૫ ભહ તથા ૦૬ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૯૮૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૨૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૦ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે.તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૪૨૭ છે.,ઉચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૩ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૮૩.૩૮૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૪ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૧૦૦/– છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ : ૧૧૦૩૫ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૫૩૧૯ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૮૧ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ ૧૦૫૭ કરવામાં આવેલ છે.જયારે ૪૧ નોટીસ આપવામાં આવેલ છે.વહીવટી ખર્ચઃ રૂા.૩૫૦૦/– વસુલ કરવામાં આવેલ છે.

TOP

## " ગતિશીલ ગુજરાત લક્ષ્ય ૧૦૦ દિવસ " કાર્યક્રમ

